| | | | | |
|---|---|---|---|---|
| આંક | : | ૩૩ | | |
| દાખલ તારીખ | : | ૦૯ | ૧૦ | ૨૦૨૪ |
| રજીસ્ટર તારીખ | : | ૦૯ | ૧૦ | ૨૦૨૪ |
| ફેંસલ તારીખ | : | ૦૬ | ૦૪ | ૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૧ | ૦૫ | ૨૮ |

---

**મે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, માણસા.**

---

**ફોજદારી કેસ નં. ૭૫૫/૨૦૨૪**

**ફરીયાદી** : ચૌધરી આશાબેન નરેશકુમાર,
ઉ.વ.આ.૩૯ ,
રહે. – ૫૬,ગ્રીન વાટીકા સોસાયટી,
મુ. તા –માણસા, જી–ગાંધીનગર

**:: વિરૂધ્ધ ::**

**આરોપી** : પટેલ નિરવકુમાર જયંતિભાઈ,
ઉ.વ.આ. પુખ્ત,
રહે.ઠે. એ–૧૮,હીરાવાડી સોસાયટી,
દેવભૂમિ સોસાયટીની પાસે,મુ.માણસા
તા.માણસા, જી.ગાંધીનગર.

---

**વિષય : ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૮ અન્વયે ફરીયાદ.**

---

**ફરીયાદી તર્ફે વિ.વ.શ્રી** : એમ.એમ.કુરેશી

**આરોપી તર્ફે વિ.વ.શ્રી** : એચ.આર.બારોટ

**<u>-: ચુકાદો :-</u>**

(૧) ફરીયાદીએ હાલની ફરીયાદ આરોપી સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબના ગુનાના અન્વયે કરેલ છે. ફરીયાદીની હાલની ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી તથા આરોપી એક જ ગામના રહેવાસી હોઈ એકબીજાને સારી રીતે ઓળખે છે. આરોપીના પિતાશ્રી નામે પટેલ જયંતિભાઈ અરજણભાઈની માલિકીનું મોજે માણસા મુકામે એ-૧૮, હીરાવાડી સોસોયટીવાળુ મકાન વેચાણ કરવાનું હોઈ ફરીયાદીને જણાવેલ જેથી તેઓ આરોપીનું મકાન જોવા આવેલા અને ફરીયાદીને સદરહું મકાન પસંદ આવતા તેઓએ આરોપી તથા આરોપીના પિતાશ્રીને સદરહું મકામન વેચાણ લેવાનું નકકી કરેલ અને આરોપી તથા આરોપીના પિતા તથા તેઓએ મળી મકાનની સદરહું મકાનની વેચાણ કિંમત રૂા. ૩૦,૦૦,૦૦૦/- નકકી કરેલ અને ફરીયાદી તથા આરોપી અને તેમના પિતાશ્રીએ સદરહું મકાનનો બાનાખાત રૂા. ૩૦૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર લખાણ કરી તા.૧૫/૦૭/૨૦૨૨ના રોજ નોટરી સમક્ષ નોટરાઈઝ કરાવેલ.તે સમયે ફરીયાદીએ આરોપીની હાજરીમાં આરોપીના પિતાશ્રીને રૂા. ૧૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ લાખ પુરા) રોકડા આપેલા. ત્યાર બાદ ફરીયાદીએ મકાનના બાના પેટેની રકમ રૂા.૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) આરોપીની હાજરીમાં આરોપીના પિતાશ્રીને કુલ્લે રૂા. ૧૫,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા પંદરલાખ પુરા) ટુકડે ટુકડે રોકડમાં આપેલા.

ફરીયાદીને આરોપી તથા આરોપીના પિતાશ્રીએ જણાવેલ કે, બાનાખતની શરત મુજબ તેઓને ત્રણ માસ બાદ સદરહું મકાનનો પાકો પાકો રજી. વેચાણ દસ્તાવેજ કરી આપશે તે સમયે ફરીયાદીને બાકીની રકમ ચુકતે કરી આપવા જણાવેલ. આમ, આરોપી તથા તેમના પિતાના કથન મુજબ ત્રણ માસનો સમય વીતી જતાં ફરીયાદીએ સદરહું મકાનનો પાકો રજી. વેચાણ દસ્તાવેજ કરી આપવા જણાવેલ પરંતુ, આરોપી તથા આરોપીના પિતાશ્રી અવનવા બહાના બનાવે જતા અને સમય પસાર કરે જતાં હતાં. ત્યાર બાદ ફરીયાદીને જાણ થયેલ કે, આરોપી અને આરોપીના પિતાશ્રીએ  અન્ય કોઈ ઇસમ પાસેથી સદરહું મકાનની ઉંચી કિંમત મેળવી સદરહું મકાનનું વેચાણ કરી દીધેલ જેથી ફરીયાદી તેઓને રૂબરુ મળી હકીકતની જાણ કરેલ. જેથી આરોપી અને આરોપીના પિતાશ્રીએ જણાવેલ કે તેઓને પૈસાની જરૂચિાત હોઈ બીજા ઇસમને સદરહું મકાન વેચાણ કરી દીધેલ છે.પરંતુ ફરીયાદીએ બાના પેટે આપેલ રકમ તેઓને પરત કરી આપશે. પરંતુ હાલ રોકડમાં રકમની સગવડ થાય તેમ ન હોઈ આરોપીએ ફરીયાદીને જણાવેલ કે રકમ સગવડ થયાનો પાકતી તારીખનો ચેક લખી આપે છે. તેમ જણાવી બેંક ઓફ બરોડા માણસા શાખાનો ચેક નં.૦૦૦૦૨૮ નો રૂા. ૧૫,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા પંદર લાખ પુરા) નો પાકતી તા.૨૦/૦૫/૨૦૨૪ના રોજનો આરોપીએ ચેકમાં સ્વહસ્તાક્ષરમાં સહી કરીને આપેલો અને ફરીયાદીને જણાવેલ કે, સદર ચેક પાકતી તારીખે તમારા ખાતામાં જમાં કરાવશો એટલ ` તમારી લેણી રકમ મળી જશે તેવો પાકો વિશ્વાસ અને ભરોસો

આપેલો.ત્યાર બાદ તાફ ૨૦/૦૫/૨૦૨૪ના રોજ ફરીયાદીએ તેમના ખાતાવાળી યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, માણસા શાખાના ખાતા નં. ૩૦૩૫૨૨૧૨૦૦૦૦૨૩ માં સદરહું ચેક કલીયર થવા સારું જમા કરાવતાં સદર ચેક રીર્ટન થયેલો. જેથી સદર ચેક રીર્ટન થયા અંગેની આરોપીને કરતાં તેઓએ જણાવેલ કે હાલમાં ખાતમાં પુરતું બેલેન્સ નથી પરંતુ તા.૨૬/૦૭/૨૦૨૪ના રોજ સદર ચેક તમારા ખાતામાં જમા કરાવશો એટલે તમોને તમારી લેણી રકમ અવશ્ય મળી જશે. તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આપેલો. ફરીયાદીએ આરોપીના કથન ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી સદર ચેક તા. ૨૬/૦૭/૨૦૨૪ના રોજ ફરીયાદીએ તેમના  ખાતાવાળી યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, માણસા શાખાના ખાતા નં. ૩૦૩૫૨૨૧૨૦૦૦૦૨૩ માં સદરહું ચેક બેંકમાં કલીયર થવા સારું જમા કરાવતાં સદર ચેક તા. ૨૯/૦૭/૨૦૨૪ ના રોજ રીર્ટન મેમા કારણ ''**Account blocked situation covered in 2115**'' ના શેરા સાથે ચેક પરત ફરેલ. તે અંગેની જાણ આરોપીને કરતાં કોઈ વ્યાજબી જવાબ આપેલ નહી અને અને જે થાય તે કરી લેવા જણાવેલ જેથી ફરીયાદીને આરોપીની બદદાનતનો ખ્યાલ આવેલ હોઈ ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફતે આરોપીન તા. ૨૩/૧૨/૨૦૧૯ના રોજ રજી. એ.ડી.થી તેમના સાચા અને ખરા સરનામે નોટીસઆપેલ જે નોટીસ તા. ૨૭/૦૮/૨૦૨૪ ના રોજ લેફટના શેરા સાથે પરત આવેલ જેથી ફરીયાદીએ આરોપીને વોટસએપ દવારા તા. ૨૮/૦૮/૨૦૨૩ના રોજ વોટસએપ પર મોકલાવેલ.જે નોટીસ આરોપીને બજી ગયેલ  હોવા છતાં આરોપીએ સદર ચેકની લેણી રકમ ચુકવી આપેલ નથી. તેથી ફરીયાદીએ આરોપી વિરુધ્ધ ધી

નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ ના ગુના સબબ હાલની ફરીયાદ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે અન ેઆરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી કાયદા મુજબ સજા તથા દંડ કરવા તેમજ ફરીયાદીને ચેકની રકમ વળતર પેટે અપાવવા અરજ ગુજારેલ છે.

(૨) સદરહુ ફરીયાદ દાખલ થતા કોર્ટે વેરીફીકેશન લીધા બાદ આંક–૦૧ નીચે હુકમ કરી, આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ– ૧૩૮ ના ગુના સબબ ક્રિમિનલ પ્રોસીઝર કોડ કલમ–૨૦૪ અન્વયે સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ અને આરોપીનાઓ અદાલતમાં હાજર થતા **આંક–૦૯** થી પ્લી લેવામાં આવેલ અને આરોપીને તેની સામેનો ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧ ૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુના કબુલાત સબબ પુછતા આરોપી એ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચેની વિગતે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદીશ્રી ચૌધરી આશાબેન નરેશકુમાર નાઓનું સરતપાસનું સોગંદનામું | ૦૫ |

**:: દસ્તાવેજી પુરાવા ::**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | બેંક ઓફ બરોડા, માણસા શાખાનો ખાતા નં. ૦૧ ૫૬૦૧૦૦૦૨૪૧૬૪ નો તા.૨૦/૦૫/૨૦૨૪ નો ચેક નં. ૦૦૦૦૨૪ | ૧૯ |
| ૨ | ચેક રીર્ટન મેમાની નકલ | ૨૦ |
| ૩ | આર.પી.એ.ડી.થી નોટીસની નકલ | ૨૧ |
| ૪ | જે નોટીસ લેફટના શેરા સાથે પરત આવેલ તે અસલ કવર તથા એકનોલેજમેન્ટ | ૨૨ |
| ૫ | પોસ્ટખાતાનો ટ્રેક કન્સાઈનમેન્ટ રોપોર્ટ | ૨૩ |
| ૬ | ચેક રીર્ટનમેમો અસલ | ૨૪ |
| ૭ | આર.પી.એ.ડી. કરેલ પાવતી અસલ | ૨૫ |
| ૮ | બાનાખત કરારની અસલ | ૨૬ |

(૪) ત્યાર બાદ સદરહું ફરીયાદીનું કામ આરોપીના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નીવેદન પર મુકવામાં આવેલ છે. ત્યાર બાદ અત્રેની કોર્ટમાં આરોપી હાજર ન રહેતા હોઈ તેમજ તેમના તરફે કોઈ રીપોર્ટ કે રજુઆત ન હોય ફરીયાદીની આંક – ૩૧ ની અરજી તળે એફ.એસ.નો હક બંધ કરવામાં આવે છે.

(૫) ત્યાર બાદ આરોપી તરફે ફરીયાદીની ઉલટ તપાસ કરવાની અનેક તકો આપવામાં આવેલ છતાં આરોપી કે તેમના વકીલશ્રી હાજર રહેતા ન હોઈ કે રજુઆત ન હોઈ ફરીયાદીની આંક – ૨૭ ની અરજી હેઠળ આરોપીનો ફરીયાદીની ઉલટ તપાસનો હક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૬) ત્યારબાદ હાલનું કામ ફરીયાદપક્ષ તથા બચાવપક્ષની દલીલો ઉપર આવતા કોઈ રીપોર્ટ કે રજુઆત ન હોય દલીલોનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૭) ફરીયાદપક્ષે રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક – દસ્તાવેજી પુરાવા ધ્યાને રાખતા નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થયેલ છે.:

**–:: મુદ્દાઓ ::–**

/૧/ શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદી એ આંક – ૧૯ વાળો ચેક આરોપીએ પોતાના કાયદેસરના દેવાની ચુકવણીપેટે ફરીયાદીને લખી આપેલ જે ચેક ફરીયાદીએ તા.૨૦/૦૫/૨૦૨૪ ના રોજ તેમના ખાતામાં ભરતા સદર ચેક સ્વીકારાયા વગર પરત ફરેલ. જેની જાણ આરોપીને કરતાં આરોપીએ જણાવેલ કે સદર ચેક તા.૨૬/૦૭/૨૦૨૪ ના રોજ જમા કારવજો.જેથી ફરીયાદીએ ફરીથી આરોપીના ખાતામાં જમા કરાવતા આરોપીના ખાતામાં પુરતુ બેલેન્સ ના હોવાથી '' **''Account blocked situation covered in 2115''** ''ના શેરા સાથે સ્વીકારાયા વગર તા. ૨૯/૦૭/૨૦૨૪ ના રોજ ચેક નાણા ચૂકવાયા સીવાય પરત ફરેલ. ફરીયાદીએ આરોપીને નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧ ૩૮ની જોગવાઈ મુજબ આરોપીના વકીલશ્રીએ તા.૨૩/૦૮/૨૦૨૩ના રોજ માંગણા નોટીસ આપેલી જે નોટીસ તા. ૨૭/૦૮/૨૦૨૪ના રોજ લેફટના શેરા સાથે પરત આવેલ . જેથી ફરીયાદીએ વોટસએપ દવારા આરોપીને તા. ૨૮/૦૮/૨૦૨૩ ના રોજ આરોપીના વોટસએપ પર મોકલેલી તે નોટીસ આરોપીને મળી ગયેલ હોવા છતાં આરોપીએ ચેકની રકમ ચૂકવી આપેલ નહી કે, નોટિસનો કોઈ જવાબ

આપેલ નથી જેથી આ કામના આરોપી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

/૨/ શું હુકમ ?

(૮) ઉપરોક્ત મુદાઓ અંગેના મારા નિર્ણયો, આ પછી તરતજ દર્શાવેલ કારણો તથા ચર્ચાના અંતે નીચે મુજબ છે.:

૧. હકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**<u>/// કા ર ણો ///</u>**

**<u>મુદા નં.૧ :–</u>**

(૯) આ કામે ફરીયાદપક્ષ તરફથી કરવામાં આવેલ મૌખીક દલીલો તથા ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવાની ચર્ચા કરતા પહેલા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ની જોગવાઈઓ ધ્યાને લેવી આવશ્યક છે.:

**<u>ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ના આવશ્યક તત્વો નીચે મુજબ છે.:</u>**

(૧) આરોપીએ તેમના ધ્વારા લખવામાં આવેલ ખાતામાંથી ફરીયાદીને નાણાં ચૂકવવા ચેક આપેલ.

(૨) આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશતઃ દેવા માટેની જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

(૩) ચેક જે તારીખે લખ્યો તે તારીખથી ૬ માસની અંદર સમય મર્યાદામાં અથવા વેલીડીટી પીરીયડ બંન્નેમાંથી જે વહેલા ચેક તે સમય મર્યાદામાં રજુ કરવામાં આવેલ હતો.

(૪) તે ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળના કારણે પરત આવેલ છે

(૫) ચેક પરત થયાની માહીતી મળ્યા બાદ ફરીયાદીએ નાણાંની માંગણી લેખિતમાં કરેલ હતી.

(૬) તેઓને નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણા સમય મર્યાદામાં ચુકવી આપેલ નથી.

– નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટના કાયદા મુજબ અદાલતે બે અનુમાન કરવાના રહેશે, જેમાં પ્રથમ અનુમાન કલમ–૧૩૯ અન્વયે કરવાનું રહેશે.

– હવે સૌ પ્રથમ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ ધ્યાને લઈએ

**<u>કલમ–૧૧૮ :–</u> વટાઉખત વિશે માની લેવાની બાબત...**

એથી વિરૂધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

**(ક)** દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યુ અથવા લખી આપ્યુ હતુ ને આવુ દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યુ હોય તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય તે વટાવવામાં આવ્યુ હોય અથવા તબદતલ કરવામાં આવ્યુ હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતુ તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યુ હતુ અથવા તબદીલ કર્યુ હતુ.

**(ખ) <u>તારીખ વિશેઃ–</u>**

જેના ઉપર તારીખ હોય તેવુ દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યુ અથવા લખી આપ્યું હતું.

**(ગ) <u>સ્વીકારવાની સમય વિશેઃ–</u>**

સ્વીકારાયેલુ દરેક વિનીમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલા વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યુ હતુ.

(ઘ) <u>તબદીલીના સમય વિશેઃ–</u>

કોઈ વટાવખતની દરેક તબદીલ તે ખત પાકવાની તારીખ પહેલા થઈ હતી.

(ચ) <u>શેરાઓના ક્રમ વિશેઃ–</u>

કોઈ વટાવખત ઉપર કરેલ હોવાનુ જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમ માં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

(છ) <u>સ્ટેમ્પ વિશેઃ–</u>

ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

(જ) <u>ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશેઃ–</u>

કોઈ વટાવખત ધારક યથાક્રમ ધારક છે પરંતુ જ્યારે તે ખત તેના કાયદેસરના માલિક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યક્તિ પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યુ હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી  અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યુ હોય ત્યારે તે ખતનો ધારક છે એમ સાબીત કરવા નો બોજો તેના ઉપર છે.

<u>કલમ–૧૩૯ – ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાનઃ–</u>

– વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવુ માનવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ કોઈ ભાગમાં થી બોજ મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. પાછો ફરેલ ચેક વર્તમાન લેણાનો કે જવાબદારી પુરી કરવા માટેનો હતો તેવુ અનુમાન કરીને દેવા પરત્વેનો ન હતો તે ચેક આપનાર ઉપર છે.

– ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો અને ઊભય પક્ષકારો તરફથી કરવામાં આવેલ દલીલની ચર્ચા કરીએ તે પહેલા પુરાવાના બોજા અંગેની ચર્ચા કરવી જરૂરી જણાય છે. સીમાચિન્હ નામ. સુપ્રિમ કોર્ટના સંખ્યાબંધ ચુકાદાથી એ સિધ્ધાંત પ્રસ્થાપિત થયેલ છે કે જયારે આરોપીએ ચેક ફરીયાદીની તરફેણમાં આપેલ હોવાનું પુરવાર થતુ હોય તેવા સંજોગોમાં ચેક કાયદેસરના લેણાં પેટે કે જવાબદારી પેટે આપેલ હોવાનું અદાલતે અનુમાન કરવાનું રહે છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ અન્વયે ધારકની તરફેણમાં અનુમાન કરવામાં આવે છે. અલબત્ત આ અનુમાન ખંડનાત્મક હોય છે અને આરોપીએ તે ચેક કાયદેસરના દેવા અને જવાબદારી પેટે આપેલ ન હોવાનો બચાવ લઈ શકશે. વિવિધ ઘણા બધા ચુકાદાઓ ધ્વારા પ્રસ્થાપિત થયેલ છે કે આરોપીએ પોતાનો બચાવ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિધ્ધાંતના આધારે પુરવાર કરવાનો હોય છે. વધુમાં આરોપીએ પોતાનો બચાવ રજુ કરવા માટે વીટનેસ બોકસમાં પણ આવવુ જરુરી નથી. એટલે કે આરોપીએ પોતાનો બચાવ નિ:શંકપણે પુરવાર કરવાનો હોતો નથી, પરંતુ ચેકના ધારક ની તરફેણમાં કરવામાં આવતા કલમ–૧૩૯ ના અનુમાનમાં માત્ર શંકા ઉપસ્થિત કરવાની હોય છે અને આરોપી જો આવી શંકા ઉપસ્થિત કરવામાં સફળ થાય તો જ ત્યારબાદ તે અંગેનો બોજો ફરીયાદીના શીર પર શીફટ થાય છે અને ત્યારબાદ ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે. આમ, ઉપરોકત પુરાવાના સિધ્ધાંતને ધ્યાને રાખીને ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવો અને આરોપીપક્ષ તરફથી રજુ થયેલ પુરાવો અને આરોપી ધ્વારા લેવામાં આવેલ બચાવનું મુલ્યાંકન અત્રેની અદાલતે કરવાનું રહે છે. ફરીયાદપક્ષે રજુ રાખેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ રજુ કરેલ બચાવ આ તમામ દસ્તાવેજી તથા મૌખીક પુરાવાઓને સોનાના ત્રાજવામાં (ગોલ્ડન સ્કેલ) ઉપર મુલવણી કરવી જરૂરી છે. તેમજ ન્યાયશાસ્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ પુરાવાના મુલ્યાંકનને વ્યાખ્યાતીત કરવામાં આવેલ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવુ અને આરોપી સંભવિત બચાવ રેકર્ડ પર લાવી શકેલ છે કે કેમ. તે દરેક કેસની હકીકતો અને સંજોગો ઉપર

આધારીત હોય છે. પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ –૩ માં કરવામાં આવેલી ''સાબીત'' અને ''નાસાબીત'' ની વ્યાખ્યા ઉપર આધારીત છે. સાબીત થયેલી હકીકતો કોને કહેવાય અને તે જોવામાં આવે તો અદાલત સમક્ષ જે બાબતો ઉપરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ કે જે તે સંજોગોમાં જે હકીકતનું અસ્તીત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબીત થયેલી ગણાય અને અદાલત એક હકીકતનું અસ્તીત્વ માને અથવા એટલી હદે અસ્તીત્વ સંભવિત માને કે એક સમજદાર વ્યક્તિ જે તે સંજોગોમાં તેવુ અસ્તીત્વ છે તેવી ધારણાથી વર્તે અલબત્ત ગણીત જેવી ચોક્કસતા અને ચુસ્તતાનો આગ્રહ અનઉપેક્ષીત છે.

(૧૦) હાલના કામે ફરીયાદપક્ષ કાયદેસરનું લેણું સાબિત કરી શકેલ છે કે નહીં તેની ચર્ચા કરતા અગાઉ આ કામે નામદાર સુપ્રિમ કોર્ટ તથા અન્ય વડી અદાલતોના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવા આવશ્યક છે.

In the matter between **M/s Prajapati Oil Industries through owner Rameshbhai V/S State of Gujarat reported in 2004(1) GLH Pg.365 Hon'ble Gujarat High Court** has held that, as soon as a cheque is issued in favour of a party the presumption is that, it is issued against consideration. The burden to rebut this presumption is on the person who issues the cheque. In absence of such rebuttal it can not be said that cheques were without consideration. Also, Hon'- -ble Gujarat High Court in para-25 of its judgment held that, on a bare reading of Section-138 of the act it is clear that as soon as cheque is produced of record, a presumption will

arise about the considera- -tion that the negotiable instrument concerned was made or drawn for consideration.

In the matter between **Mangubhai Mansukhram Pandya V/S Pranjivan Tribhovandas Purohit, reported in 1991(2) GLH Pg.65 Hon'ble Gujrat High Court has held that,** Section-118 of the N.I. Act raises a statutory presumption that,

- There was consideration for every negotiable instrument.
- This presumption continues until it is rebutted.
- Onus of proof that there was no consideration is on the defendant.
- Initial burden lies on the plaintiff to prove execution of the pronote. But once the burden discharged court has to raise the statutory presumption.
- નામદાર સુપ્રિમ કોર્ટે **Bharat Barrel And Drum Manufacture Company LTD V/S Amin Chand Payrelal, 1999(3) SCC 35** ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ છે કે, "The Bare denial of the passing of the consideration apparently does not appear to be any defence. Something which is probable has to be brought on record for getting benefit the onus of proving to the

plaintiff. To disprove the presumption, the defendant has to bring of record such facts and circumstances upon consideration of which the court may believe that the consideration does not exist or its non-existence was so probable that a prudent man would, under the circumstances of the case, act upon the plea it did not exist."

– આ ઉપરાંત નામદાર સુપ્રિમ કોર્ટે **K.N.Beena V/S Muniyappan, 2001(0) AIR (SC) 2895** તથા **Hiten P. Dalal V/S Bratindranath Banerjee, 2001(6) SCC-16** ના ચુકાદમાં પ્રસ્થાપીત કરેલ છે કે, Burden of proving that cheque had not been issued for any debt or liability is on the accused. Denial avernments in reply by accused are not sufficient to shift burden of proof on to the complainant. Accused has to prove in trial by leading cogent evidence that there was no debt or liability. Further held that, setting a side of conviction on basis of some formal evidence led by accused is not proper.

આ ઉપરાંત નામદાર સુપ્રિમ કોર્ટના **Krishna Janardhan Bhat V/S Dattatraya G. Hegde (2008 (0) Cr.LJ 1172), K. Prakashan V/S P.K. Surenderan (2008 (1) SCC (Crimes) 200)** તથા **Rangappa V/S Sri Mohan (AIR 2010 SC 1898)** ના ચુકાદાઓમાં નામદાર સુપ્રિમ

કોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, આરોપી પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો આપે તો પણ અનુમાનોનું ખંડન થયેલુ ગણી શકાય અને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની **કલમ–૧૩૯** ના અનુમાનનું ખંડન કરવા માટે આરોપીએ સાક્ષીના પાંજરામાં આવવુ જરૂરી નથી.

(૧૧) હાલના કામે ફરિયાદપક્ષ તર્ફે રજુ થયેલ તમામ મૌખીક– દસ્તાવેજી પુરાવા ની વિગતે ચર્ચા કરીએ તો તે નીચે મુજબ છે.:

– ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૦૫** થી ફરીયાદીશ્રી ચૌધરી આશાબેન નરેશકુમારનાઓનું સરતપાસનું સોગંદનામું ધી નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૫ હેઠળ રજુ કરેલ છે અને તેમાં ફરીયાદ **આંક–૦૧** માં જણાવ્યા મુજબની વિગતો જણાવેલ છે. જેથી બીનજરૂરી તેનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી વધુમાં ફરીયાદીએ તેની ફરીયાદ તથા સોગંદનામાના સમર્થનમાં દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જેનું મુલ્યાંકન કરવામાં આવે તો **આંક–૧૯** થી અસલ ચેક, **આંક–૨૦** થી ચેક રીટર્ન મેમો, **આંક – ૨૧** થી આર.પી.એ.ડી.થી નોટીસ, **આંક–૨૨** થી જે નોટીસ લેફ્ટના શેરા સાથે પરત આવેલ તે અસલ કવર તથા એકનોલેજમેન્ટ, **આંક–૨૩** થી પોસ્ટ ખાતાનું એકનોલેજમેન્ટ, **આંક –૨૪** થી અસલ ચેક રીર્ટન મેમો, **આંક–૨૫** થી આર.પી.એ.ડી. કર્યાની અસલ પાવતી, **આંક–૨૬** થી બાનાખાત કરાર રજુ કરેલ છે જે ધ્યાને લીધેલ. ફરીયાદીની સરતપાસમાં રજુ થયેલ સદરહુ તમામ દસ્તાવેજી પુરાવાઓ અસલ તથા જાહેર દસ્તાવેજો હોય તેમજ સદરહુ તમામ દસ્તાવેજી પુરાવાઓને ફરીયાદીના સરતપાસ સોગંદનામા

હેઠળ સમર્થન મળતુ હોય સદરહુ દસ્તાવેજી પુરાવાઓને ન માનવા કોઈ કારણ ઉપસ્થિત થતુ જણાતુ નથી.

(૧૨) ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૨૦ મુજબ જયારે ચેક લખનાર ચેક ધારણ કરનારને ચેક સહી કરીને આપે ત્યારે તે ચેકમાંની વિગતો લખવા ની કે પુર્તતા કરવાની ચેક ધારણ કરનારને પ્રથમ દર્શનીય રીતે ઓથોરીટી આપેલ છે તેવુ અનુમાન કરવાનું રહે છે. ચેકમાં આરોપીની સહી નથી કે આ ચેક આરોપીનો નથી તેવી બચાવ તકરાર ન હોઈ તેમજ ફરીયાદીની ઉલટ તપાસ કરી ફરીયાદીના પુરાવાને પડકારેલ ન હોય કે તેથી વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ પર લાવેલ ન હોય ત્યારે રજુ અસલ ચેક કે જે એક જાહેર દસ્તાવેજ છે તેને ન માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતુ નથી. આ કામે આંક –૧૯ થી ચેક રીટર્ન મેમો રજુ કરવામાં આવેલ છે, જેમા "Account blocked situation covered in 2115" ના કારણે વાદગ્રસ્ત ચેક નં. ૦૦૦૦૨૮ નો પરત કરેલાનું જણાવેલ છે, આંક–૨૫ થી આર.પી.એ.ડી.ની પાવતી, આંક–૨૩ થીપોસ્ટખાતાનો ટ્રેક કન્સાઈનમેન્ટ રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે. આરોપી તર્ફે નોટીસમાં જણાવેલ સરનામે આરોપીને નોટીસ મળેલ નથી કે ફરીયાદીની નોટીસ બજેલ નથી તેવી કોઈ બચાવ તકરાર આરોપીએ જાતે હાજર રહી લીધેલ નથી કે તે સંબંધે કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરી તે હકીકત પુરવાર કરેલ નથી તેમજ ફરીયાદપક્ષ તર્ફે રજુ ઉપરોકત દસ્તાવેજી પુરાવાઓનું ખંડન આરોપી તર્ફે ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન કે વિરુધ્ધનો પુરાવો રજુ

કરીને કરવામાં આવેલ નથી કે જેના ઉપરથી એવુ પુરવાર થાય કે, આરોપીને નોટીસની બજવણી થયેલ છે. આ સંજોગોમાં ફરીયાદપક્ષ તર્ફે રજુ દસ્તાવેજી પુરાવા ન માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતુ જણાતુ નથી. આ કામે આરોપી તર્ફે ફરીયાદપક્ષના રેકર્ડ ઉપરના રજુ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓનું ખંડન મૌખીક કે દસ્તાવેજી પુરાવા આપીને કરેલ નથી કે કોઈ સાહેદો તપાસેલા નથી આરોપીએ ઘી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૧૮(એ) તથા કલમ –૧ ૩૯ માં ઠરાવેલ પુર્વધારણાઓનું ખંડન કરવા ફરીયાદપક્ષના પુરાવા ઉપર આધાર રાખેલ છે, પરંતુ ઉલટતપાસમાં પણ ખંડન કરવામાં નિષ્ફળ રહેલ છે.

(૧૩) આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો ઘ્યાને લેતા આરોપીપક્ષે કલમ–૧૩૯ ની કાયદાના અનુમાનનું ખંડન કરતો પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ છે કે કેમ? તે સંદર્ભે સૌપ્રથમ જોવામાં આવે તો, **આંક–૧૯** વાળા ચેકમાં આરોપીની સહી હોવા બાબતે કોઈ તકરાર લીધેલ નથી તે સંજોગોમાં **નામ. સુપ્રિમ કોર્ટના** **નામ. સુપ્રીમ કોર્ટના Laxmi Dyechem Versus State Of Gujarat 2012 (0) AIJEL-SC 52370** ના ચુકાદામાં ઠરાવેલ સીદ્ધાંત દ્યાને લેતાં, "The above line of decisions leaves no room for holding that the two contingencies envisaged under Section 138 of the Act must be interpreted strictly or literally. We find ourselves in respectful agreement with the decision in NEPC Micon Ltd. (supra) that the expression "amount of money is insufficient" appearing in Section 138 of the Act is a genus and dishonour for reasons such "as

account closed", "payment stopped", "referred to the drawer" are only species of that genus. Just as dishonour of a cheque on the ground that the account has been closed is a dishonour falling in the first contingency referred to in Section 138, so also dishonour on the ground that the "signatures do not match" or that the "image is not found", which too implies that the specimen signatures do not match the signatures on the cheque would constitute a dishonour within the meaning of Section 138 of the Act." ચુકાદા મુજબ ચેકના ચથાનુંક્રમના ધારક – હોલ્ડર ઈન ડયુ કોર્ષની તરફેણમાં અદાલતે અનુમાન કરવાનું હોય છે. જેથી પ્રાથમીક તબકકે ફરીયાદવાળો ચેક આરોપીએ ફરીયાદીના કાયદેસરના લેણાની જવાબદારી સ્વીકારી ઈસ્યુ કરેલા હોવાનું અનુમાન કરેલ છે અને તે વિગતે પુરાવાનું અર્થઘટન કરેલ છે કે શું આરોપી પુરવાર કરે છે કે, ફરીયાદીનું આરોપી પાસે કાયદેસરનું લેણું ન હોવા છતા આરોપીના ચેકનો દુરપયોગ કરી હાલની ખોટી ફરીયાદ આરોપી સામે દાખલ કરેલ છે.

(૧૪) <u>કાયદેસરનું લેણું :–</u>

ફરીયાદપક્ષ તર્ફે ઉપરોકત રજુ થયેલ ફરીયાદીનું સોગંદનામું તેમજ દસ્તાવેજી પુરાવા ચેકો, ચેક રીટર્ન મેમા, નોટીસ, નોટીસ બજી ગયા બાદ આરોપી ખુદ કોર્ટમાં હાજર રહેલ છે અને પ્લી લેવામાં આવેલ છે. ત્યારબાદ સદરહુ કામે ફરીયાદીના ઉપરોકત મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે જે તમામ હકીકત આરોપીના ઘ્યાન

ઉપર છે તેમ છતાં આરોપીએ કોઈ બચાવ લીધેલ નથી. તેમજ વાદગ્રસ્ત ચેકવાળુ ખાતું પણ આરોપી પોતે નીભાવતા ન હોવા અં ગેનો પણ બચાવ આરોપીએ લીધેલ નથી તેમજ આરોપીએ કોર્ટમાં હાજર રહી કોઈ બચાવ લીધેલ નથી તેમજ વાદગ્રસ્ત ચેક તેઓએ આપેલ ન હોવાનો કોઈ બચાવ અત્રેની કોર્ટમાં હાજર રહી લીધેલ નથી કે આરોપીએ અત્રેની કોર્ટમાં હાજર રહી કોઈ મૌખીક પુરાવો રજુ કરેલ નથી કે કોઈ દસ્તાવેજી પુરાવા આધાર હાલના કામે રજુ રાખેલ નથી તેમજ આરોપીએ ખુદે કોર્ટમાં હાજર રહી તેમની સામેના ગુનાનો ઈન્કાર કર્યા બાદ તેમના બચાવમાં આરોપીએ કોઈ પુરાવો રજુ કરેલ નથી. આમ, આરોપીએ અત્રેની કોર્ટમાં હાજર રહી ફરીયાદીના પુરાવાનું ખંડન કરેલ નથી. વધુમાં વાદગ્રસ્ત ચેકવાળુ ખાતુ આરોપીનું ન હોવાનું કે ચેકમાં પોતાની સહી ન હોવા અંગેનો કોઈ બચાવ આરોપી દવારા લીધેલ નથી. આરોપી જાતે પોતાનો બચાવ રજુ કરવા જાતે વિટનેસ બોક્ષમાં આવી જુબાની આપેલ નથી કે અન્ય કોઈ સાહેદોને તપાસી તેમનો બચાવ પુરવાર કરેલ નથી. આમ ફરીયાદી તર્ફે તેમના જે દસ્તાવેજો રજુ કરેલ છે તેનું ખંડન કરવા કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ આરોપી તરફે રજુ કરવામાં આવેલ નથી. વધુમાં, **કલમ –૨૦** નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ મુજબ જયારે કોઈ ચેક કોઈ વ્યકિત સહી કરી ને આપતા હોય તો તે કાયદેસરના લેણા પેટે આપેલ હોય તેવુ અનુમાન કોર્ટે કરવાનું રહે છે અને તેનો ખંડનાત્મક પુરાવો રજુ કરવાની જવાબદારી જે તે વ્યકિત ચેક આપનાર હોય તેની રહે છે. આરોપીએ સદરહુ બાબતનો ખં ડનાત્મક પુરાવો નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલ નથી ત્યારે હાલની

ફરીયાદમાં પુરાવામાં રજુ રહેલ ચેક આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણા પેટે આપેલ હોવાનુ જણાય આવે છે. જેથી આરોપી સામે જે અનુમાન કલમ–૧૩૯ મુજબ ઉપસ્થિત થાય કે સદર ચેક લેણા પેટે આપવામાં આવેલ છે જે ખંડનાત્મક અનુમાન હોય છે તેનું ખંડન મૌખીક કે દસ્તાવેજી પુરાવાથી કરવામાં આરોપી નિષ્ફળ નીવડેલ છે તેમજ હાલના કેસમાં પુરાવા જોતા આરોપીએ ફરીયાદીના પુરાવાનું ખંડન કરતો કે શંકા ઉપજાવે તેવો કોઈ સચોટ અને વિશ્વસનીય પુરાવો રેકર્ડ ઉપર રજુ કરવામાં નિષ્ફળ ગયેલ છે. ત્યારે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ ના પ્રિ ઝમ્શન મુજબ તેમજ **નામદાર સુપ્રિમ કોર્ટ ૨૦૧૦(૧) ડી.સી.આર. ૭૦૬, રંગપ્પા વિરુધ્ધ શ્રીમોહન** ના કેસમાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયાં સુધી આરોપી દવારા ફરીયાદીનો પુરાવો વિશ્વસનીય રીતે રીબર્ટ ન થાય ત્યાં સુધી ચેક કાયદેસરની જવાબદારીના દેવા પેટે આપેલ છે તેવુ અનુમાન કરવાનું હોય છે. આ કામે કોર્ટનું રજુ થયેલ રેકર્ડ જોતા ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનું ખંડન કરવામાં આરોપી સંપુર્ણપણે નિષ્ફળ જાય છે જેથી આ કામે **મુદ્દા નં.૧** નો નિર્ણય **હકારમાં** આપી અને આરોપીને ધી **નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮** ના ગુના માટે ક્રિમિનલ પ્રોસીઝર કોડ કલમ–૨૫૫(૨) તકસીરવાન ઠરાવવામાં આવે છે અને બંને પક્ષે સજા અંગે સાંભળવા પર મુલતવી.

**તારીખ: માણસા.** **(કુ. દામિની દીક્ષિત)**

**તા. ૦૬/૦૪/૨૦૨૬** જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
માણસા, જિ.ગાંધીનગર

JMFC,Mansa

**:: સજા અંગે હુકમ ::**

(૧૫) હાલના કામે ફરીયાદી તથા તેમના વિ.વ.શ્રી હાજર છે. આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર નથી. ફરીયાદીના વિધ્વાન વકીલશ્રીને સાંભળ્યા.

ફરીયાદી તરફે વિ.વ.શ્રીની એવી રજુઆત છે કે, હાલના આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. ચેકો રીટર્ન થવાના કિસ્સા વધી રહેલ છે. સમાજમાં દાખલો બેસાડવો જરૂરી બની જાય છે. જેથી આરોપીને કાયદા મુજબની મહતમ સજા કરવી જોઈએ અને વળતર અપાવવો જોઈએ.

આરોપીને જયારે દોષીત ઠરાવવામાં આવે ત્યારે તેઓને સજા અંગે સાંભળવાના રહે છે પરંતુ આ અંગેની જોગવાઈ ક્રી.પો.કોડની કલમ – ૨૪૮(૨) વોરંટ ટ્રાયેબલ કેસ અને ૨૩૫(૨) સેશન્સ ટ્રાયેબલ કેસમાં જ છે જયારે મારી સમક્ષ ક્રી.પ્રો.કોડની કલમ – ૨૦૦ અન્વયે સમન્સ કેસની ચરીયાદ હોય, તેમાં આરોપીને સાંભળવાની જરૂર રહેતી ન હોય, આરોપીને સજા અંગે સાંભળવામાં આવેલ નથી.

(૧૬) ફરીયાદીના વિ.વ.શ્રી ની દલીલો સાંભળી. હાલના યુગમાં કોઈપણ વ્યકિત, કોઈપણ ભોગે મોટી રકમ મેળવવા કે માલસામાન ખરીદતી વખતે તે સામે ખોટા ચેકો લખી આપી ઘણી વાર કોરા ચેકો આપતા હોવાના કિસ્સા વધી રહેલ છે. રકમ કે માલસામાન મેળવ્યા બાદ તે રકમ અથવા માલસામાનનું મુલ્ય પરત કરતા નથી અને નાણાં ન ચુકવવા પડે તે માટે કાયદાનું ખોટુ અર્થઘટન કરી, તેનો દુરપયોગ

કરતા રહે છે. રકમ પરત કરતા નથી અને ચેકો વગર સ્વીકારચે પરત થતા રહે છે તે ખુબ ગંભીર બાબત ગણાય અને આવા ગુન્હાઓ દિન–પ્રતિદિન વધી રહયા છે. જેના ઉપર અંકુશ રાખવો જરૂરી છે. સામાન્ય રીતે સજાની માત્રા કેવી હોવી જોઈએ તે બાબતે નામદાર વડી અદાલત તથા સર્વોચ્ચ અદાલતના માર્ગદર્શક ચુકાદાઓ ઉપલબ્ધ છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં સદર જોગવાઈ સુધારાથી દાખલ કરવા પાછળ લેજીસ્લેચરનો હેતુ બેન્કનું કામકાજ તેના નિયમોનુસાર અને કોઈપણ જાતના અવરોધ વિના સતત અવિરતપણે ચાલતુ રહે તે માટેનું છે. આ કામે આરોપીએ ફરીયાદી સાથે લોન પેટેનો નાણાંકીય વ્યવહાર થયેલ તે અંગેની ફરીયાદીની લેણી રકમ પરત ચુકવવા તેમની સહીવાળો ચેક ફરીયાદીને આપેલ છે જે ચેક ''**Account bloked Situaction Coverd in 2115**'' ના શેરાથી વગર સ્વીકારાચે પરત ફરેલ છે. નોટીસ આપ્યા બાદ પણ નાણાં પરત કરેલ નથી. લાંબો સમચ કેસ ચાલતા દરમ્યાન પણ જરૂરીયાત પેટે લીધેલ નાણાં પરત કરવા કોઈ રકમ પરત કરેલ નથી. કાયદા પાછળનો હેતુ તથા આરોપીની વર્તણુંક લક્ષમાં રાખતા, આરોપી પ્રત્યે દયા રાખવી ન જોઈએ અને સમાજમાં દાખલો બેસ `, લોકોનો બેન્કીંગ વ્યવસ્થામાં વિશ્વાસ ટકી રહે તે માટે આરોપીને ચોકકસપણે સજા કરવી જોઈએ તેમ આ અદાલતનું માનવું છે. કારણ કે, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર કાયદો ઘડવા પાછળનો લેજીસ્લેચર નો ઈરાદો કાયદાને અસરકારક બનાવવાની મુખ્ય ફરજો અદાલતોની છે અને જો તે મુજબ ન કરવામાં આવે તો લોકોનો બેંકીંગ વ્યવસ્થામાં વિશ્વાસ

ઉઠી જશે, લોકો ચેકોનો બેફામ દુરઉપયોગ કરતા અચકાશે નહીં જેના કારણે ભારતીય અર્થતંત્ર કે જે વિકાસશીલ અર્થતંત્ર છે તેને નુકશાન થાય તેમ છે.

(૧૭) હાલના કેસની હકકીતો અને સંજોગો લક્ષમાં લઈએ તો, આરોપી ને જરૂરીયાત માટે અવેજ પેટે લીધેલ રકમ પેટેના વ્યવહારની કાયદેસરની લેણી રકમ સામે ચેક આપવાની ગંભીરતાનો તેમને ખ્યાલ હોવો જોઈએ. ખોટા બચાવ લઈ સમય ખેંચ્યા બાદ કેસ ચાલતા દરમ્યાન પણ આરોપી તરફે ફરીયાદીને ચેકની રકમ ચૂકવવામાં આવેલ નથી. બેલેન્સ ન હોવા છતાં ખોટો ચેક આપેલાનું જણાય છે. આમ, આરોપીની દાનત રકમ ફરીયાદીને પરત નહીં આપવાની જણાય છે. આરોપીની વર્તણૂક લક્ષે રાખી, તેને પ્રોબેશનનો લાભ આપવો પણ યોગ્ય જણાતો નથી. તે ઉપરાંત આ અદાલતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ માં જણાવેલ સજા ની જોગવાઈઓ પણ લક્ષે લીધેલ છે.

[138. **Dishonour of cheque for insufficiency, etc., of funds in the account.** — Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made

with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, ***be punished with imprisonment for [a term which may be extended to two years], or with fine which may extend to twice the amount of the cheque, or with both :***

ફરીયાદી તરફે વળતરની રજુઆત લક્ષે લીધી. આ અદાલતે **નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૭(૧) જી.એલ.એચ. પાના નં.૨૨૫ શંકરલાલ એન્ડ પરમાર વિરૂધ્ધ દિનેશ બાબુલાલ બોરીયા** વાળા વિગેરેના ચુકાદાની હકીકતો લક્ષમાં લીધેલ છે, જેમાં સજા કરતી વખતે દંડ ચુકવવાનો આદેશ દુર કરેલ હતો, પરંતુ વળતર ચુકવવાનો આદેશ યથાવત રાખવામાં આવેલ હતો તે ચુકાદા અનુસાર આરોપીને દંડ અને વળતર ચુકવવાનો હુકમ એક સાથે ન કરી શકાય, તે હકીકત આ અદાલતે લક્ષે લીધેલ છે. વધુમાં, **નામદાર કેરાલા હાઈકોર્ટનો એમ.વી. નલીન કહાન વિરૂધ્ધ એમ. મેશન, ૨૦૦૯ ક્રીમીનલ લો જનરલ પાના નં૧૭૦૩** નો ચુકાદા મુજબ આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ તથા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૦ ની જોગવાઈનો લાભ આપવો ન્યાયોચીત જણાતો નથી અને તેથી આરોપી સામેના ગુનાનો પ્રકાર તથા **આંક–૧૯** વાળો ચેક આપેલ હોવાની ફલીત થતી હકીકત ધ્યાને રાખી તથા **નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૪(૨) જી.એલ.એચ. પાના નં.૨૯, આર.સી.મહેતા વિરૂધ્ધ ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કંપની લી.** ના ચુકાદામાં જણાવેલ હકીકતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ કરવાનો ધારાસભાના આશય ધ્યાને રાખી તથા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૯(૨) ની જોગવાઈ ધ્યાને લઈને આ અદાલત **મુદ્દા નં.૨** અન્વયે નીચે મુજબનો "**આખરી હુકમ**" કરવામાં આવે છે.

**:: આ ખ રી હુ ક મ ::**

(૧) આ કામના આરોપી પટેલ નિરવકુમાર જયંતિભાઈ, રહે.ઠે. એ–૧૮, હીરાવાડી સોસાયટી, દેવભૂમિ સોસાયટીની પાસે, મુ.તા.માણસા, જી.ગાંધીનગર નાઓને ક્રિમિનલ પ્રોસીઝર કોડ કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ તકસીરવાન ઠરાવી **એક વર્ષની** સાદી કેદની સજા કરવામાં આવે છે.

(૨) આરોપીએ ક્રિમિનલ પ્રોસીઝર કોડ કલમ–૩૫૭(૩) અન્વયે ફરીયાદીને વળતર તરીકે ફરીયાદમાં જણાવેલ ચેકની રકમ **રૂા.૧૫ ,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પંદરલાખ પૂરા/–) દિન–૬૦** માં ચુકવી આપવા. જો આરોપી સદર વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો આરોપીએ વધુ **ત્રણ માસની** સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હુકમ અનુસાર સજા ચીઠ્ઠી જારી કરવી.

(૪) ક્રી.પ્રો.કોડની કલમ–૨૬૩(૧) અન્વયે આરોપીને આરોપીને આ ચુકાદાની નકલ વિનામુલ્યે પુરી પાડવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ **તા. ૦૬/૦૪/૨૦૨૬** ખુલ્લી અદાલતમાં વાંચી સં ભળાવી જાહેર કર્યો.

**તા. ૦૬/૦૪/૨૦૨૬**
**માણસા.**

**(કુ. દામિની દીક્ષિત)**
જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
માણસા, જિ.ગાંધીનગર
**(UIC No.GJ01698)**

JMFC,Mansa